ગૃહવિભાગ (વક્તવ્ય – તા. 19 ફેબ્રુઆરી 2024)

માનનીય અધ્યક્ષશ્રી નમસ્કાર! કોઈપણ રાજ્યના વિકાસ માટે સરકારના વિભાગો જ્યારે પારદર્શી અને સુદ્દઢ કામગીરી કરે ત્યારે રાજ્યનો સર્વાંગી વિકાસ થાય છે. આ ~~સમજણ ભારતીય જનતા પાર્ટીની~~ સરકારની પ્રથમથી જ રહી છે. જેના કારણે, રાજ્યના નાગરિકો સુરક્ષિત છે. માતાઓ, બહેનો, ~~વ્યવસાયિકો~~, વેપારીઓ, બાળકો વગેરે સૌ કોઈ નિર્ભય થઈ, શાંતિમય વાતાવરણમાં પ્રગતિના પથ ઉપર આગળ વધી રહ્યા છે.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રી તેમજ સહકારીતા મંત્રી માનનીય શ્રી અમિતભાઈ શાહ પ્રથમથી જ રાજ્યમાં અને સમગ્ર દેશમાં સુરક્ષા અને શાંતિનું વાતાવરણ પ્રસ્થાપિત કરવામાં સફળ રહ્યા છે. ગુજરાતને ગુંડામુક્ત રાજ્ય બનાવવામાં ~~ભારતીય જનતા પાર્ટીનો~~ સિંહફાળો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહવિભાગને હસ્તક જુદા જુદા કુલ 16 વિષયો આવેલા છે. આ પ્રત્યેક વિષયોમાં ગૃહમંત્રાલય ખૂબ ચિવટપૂર્વક કાર્ય કરી રહ્યું છે.

આ પ્રત્યેક 16 વિષયોમાં અનેક પેટા વિષયો સામેલ છે જેમ કે, ઈ-એફ.આઈ.આર.ની સુવિધા – આ સુવિધાથી હવે કેટલાક નિયત કિસ્સામાં પોલીસ સ્ટેશન સુધી રૂબરૂ જવાની જરૂર નથી, પણ ટેકનોલોજીની મદદથી જ એફ.આઈ.આર. નોંધાઈ જાય છે. ડ્રોન પોલીસી – તા.10-8-2022ના રોજ મુખ્યમંત્રીશ્રી દ્વારા ડ્રોન પોલસી લોન્ચ કરવામાં આવી છે.જે ગેરકાયદેસર કાર્યોની શોધખોળ, ગેરકાયદેસર પદાર્થની હેરફેર અને તેમના ઠામઠેકાણાની તપાસ ખૂબ સરળતાથી થઈ શકે છે. વળી, ડ્રોન પોલીસીથી રોજગારીના અનેક સ્રોતનું સર્જન

પણ થઈ રહ્યું છે. ગુજરાત પબ્લીક સેફ્ટી એન્ફોર્સમેન્ટ એક્ટ - શહેરોમાં 10,000થી વધુ સીસીટીવી કેમેરા લગાવી સુરક્ષા, સલામતી અને ટ્રાફીક મેનેજમેન્ટની ઉત્તમ કામગીરી થઈ રહી છે. ઈ-ગુજકોપ - 90,000 કરતા વધુ પોલીસ કર્મચારીઓ દ્વારા આ એપનો ઉપયોગ કરવામાં આવે છે. નાગરિકોની સુવિધા અર્થે આ સેવા અતિ ઉપયોગી પુરવાર થઈ રહી છે. જે અન્વયે નાગરિકોએ અરજી નોંધાવવા પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર નથી. આ એપ. દ્વારા જ તેઓ અરજી ઓનલાઈન નોંધાવી શકશે. અને તે અરજીનો નિકાલ થયેથી તેમને એસ.એમ.એસ. દ્વારા જાણ પણ થઈ જાય છે. વળી, ટૂંક સમયમાં જ 100% પોલીસ સ્ટેશનનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનો લક્ષ્યાંક પણ સિદ્ધ થનાર છે.

સીટીઝન ફસ્ટ મોબાઈલ એપ્લીકેશન - જેના દ્વારા સીનીયર સીટીઝન નોંધણી, ગુમ થયેલ વાહન, ના-વાંધા પ્રમાણપત્ર, ભાડુઆત અંગેની વિગત, ઘરઘાટીની માહિતી વગેરે તમામ વિગત નોંધાવી શકાય છે.

આ ઉપરાંત, મહિલાઓને સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ આપવી, આ કાર્યક્રમ અન્વયે 2022-23માં 70,098 મહિલાઓને ટ્રેનિંગ આપવામાં આવી છે. બુટલેગર મહિલાઓનું પુર્નવસન... જે અન્વયે 375 મહિલાઓનું પુર્નવસન થયું છે. સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોગ્રામ, બાળકોને પોલીસ સ્ટેશનની મુલાકાત... જાહેર જનતા અને પોલીસ વચ્ચે સૌહાર્દભર્યું વાતાવરણ સર્જાય તે માટે વિવિધ રમતગમત કાર્યક્રમોનું આયોજન થાય છે. અને આ પ્રત્યેક કાર્યક્રમ દીઠ રૂ.5000ની જોગવાઈ પણ કરેલી છે.

વળી, જે લોકો જેલવાસ ભોગવે છે તેમના માટે પણ ગૃહવિભાગ દ્વારા ચિંતા થઈ રહી છે. જેલમાં કેદીઓ અભ્યાસ કરી શકે, નવા બેરેક્સનું બાંધકામ થાય, જેલ

ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે વિવિધ રચનાત્મક કાર્યો થઈ રહ્યા છે. 2022-23માં જેલના બંદીવાનો દ્વારા રૂ. 10,21,48,134નું ઉત્પાદન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-પ્રિઝન એપ દ્વારા જેલના પ્રત્યેક બંદીવાનોની સંપૂર્ણ માહિતી ડીજીટલ સ્ટોર થઈ રહી છે. પારદર્શી વહીવટ માટે ભ્રષ્ટાચાર મુક્ત કાર્યપ્રણાલી રાખવી તે ભારતીય જનતા પાર્ટીની સરકારની એકમાત્ર નેમ રહી છે. જેના કારણે રાજ્યનું લાંચરૂશ્વત વિરોધી વિભાગ (એસીબી) તેની ગુનાનોંધણીની કામગીરીમાં વર્ષોવર્ષ વૃદ્ધિ કરે તેની તકેદારી રાખવામાં આવે છે. જેમાં, 1064 ટોલ ફ્રી નંબર દ્વારા ગુનાનોંધણી, www.acb.gujarat.gov.in અને www.acbgujarat.com ઉપર પણ ઓનલાઈન ફરિયાદ નોંધાવી શકાય છે.

વિવિધ ગુનાઓની તપાસ માટે આંતરરાષ્ટ્રીય માનાંકો પ્રાપ્ત રાજ્યની એફ.એસ.એલ. દેશની અગ્રગણ્ય સંસ્થા છે. ડીએનએ તપાસ, સાયબર ગુનાઓની તપાસ, સાયકોલોજીકલ પરીક્ષણો, ગુન્હા સ્થળની તપાસ, નાર્કોટીક્સ, ભેળસેળ, ઓનલાઈન ફીંગરપ્રિન્ટનો ડેટા, અવાજ પરથી વ્યક્તિની ઓળખ, બેલેસ્ટીક, તકરારી દસ્તાવેજો, ચલણી નોટોના પરીક્ષણ વગેરે માટે અદ્યતન ટેકનોલોજીથી રાજ્યનું એફ.એસ.એલ. સજ્જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીના જમાનામાં હવે સાઈબર ક્રાઈમનું પ્રમાણ વધતું રોકવા માટે ગૃહવિભાગ દ્વારા 1930 નંબર જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર ડાયલ કરી નાગરિકો ત્વરીત રીતે પોતાની ફરિયાદ નોંધાવી શકે છે અને સત્વરે તે અંગે કાર્યવાહી પણ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનું નશાબંધી અને આબકારી વિભાગ પણ પરપ્રાંતમાંથી આવતો ગેરકાયદેસર દારૂ, ડ્રગ્સ અને નશાયુક્ત અન્ય પદાર્થોના આવન-જાવન ઉપર કડક પ્રતિબંધ, ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર તત્વો, વાહનો, વગેરેને સંપૂર્ણ નિરસ્ત કરવાની કામગીરી વગેરે ખૂબ મોટા ફલક ઉપર ચાલી રહી છે. જેના કારણે ગુજરાતનું યુવાધન સુરક્ષીત રહી શક્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રાલયના જુદા જુદા વિષયોની સક્રિય કામગીરી ટૂંકી સમયમર્યાદામાં પૂર્ણ રીતે વર્ણવવી તે શક્ય નથી. તેમ છતાં, હું ઝડપથી થોડા બીજા વિષયો ઉપર પણ આપશ્રીનું ધ્યાન કેન્દ્રિત કરવા માંગું છું.

પાસપોર્ટ અને વિઝા વિષયક કામગીરી, પાકીસ્તાની અને બાંગ્લાદેશી નાગરિકોની ઘૂસણખોરોની પૂછપરછ તેમજ અટકાયત કરવી, ભારતીય નાગરિકત્વને લગતી બાબતો, વિદેશી નાગરિકોનું નેશનલ સ્ટેટસ વેરીફાઈ કરવું, પાકીસ્તાની માછીમારોને પરત મોકલવા, ક્ષેત્રીય પાસપોર્ટને લગતી બાબતોનું સંકલન અને કામગીરી કરવી વગેરે અનેક કાર્યો ખૂબ પારદર્શી અને ઝડપી થઈ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ કચેરીઓનું આધુનિકીકરણ, પોલીસ અધિકારી-કર્મચારીઓને તાલીમ, નવી નવી ટેકનોલોજી ગૃહવિભાગમાં અમલી બનાવવી વગેરે માટે સતત તાલીમ કાર્યશાળાનું આયોજન થતું જ રહે છે.

આધુનિક હથિયારને પોલીસ બેડામાં દાખલ કરવા અને તેમની અત્યાંધુનિક રીતે જાળવણી કરવી તે વ્યવસ્થા પણ ગૃહવિભાગ દ્વારા સુપેરે કરવામાં આવે છે. આજે અનેક આધુનિક ઉપકરણો દ્વારા આપણા પોલીસ તંત્રને સજ્જ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ આવાસ અને પોલીસ વેલફેરને પણ ગુજરાતના ગૃહવિભાગ દ્વારા અદકેરું મહત્ત્વ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યને છેલ્લા લગભગ 10 વર્ષોથી કેન્દ્રનું મજબૂત પીઠબળ છે. ભાજપ સરકાર શાંતિ, સલામતી, સુરક્ષા અને સુશાસન આ સ્તંભો દિવસે ને દિવસે... વધુ ને વધુ મજબૂત કરી રહી છે તેનો મને ગર્વ છે. ગુજરાતના ગૃહવિભાગને અત્યાંધુનિક બનાવવા, ગુજરાતના આબાલવૃદ્ધ સૌ માટે ઉત્તરોત્તર વિવિધ સુરક્ષા સવલતોને વધુ સક્ષમ કરવા માટે ગૃહમંત્રીશ્રી દ્વારા જે 2024ના બજેટમાં રૂ. 10,378 કરોડના પૂરક બજેટની માંગણી થઈ છે, તેને મારો સંપૂર્ણ ટેકો જાહેર કરું છું. ભારત માંતા કી જય... જય જય ગરવી ગુજરાત.